અનુસંધાન ... પાના પહેલાનું

ટાઇગર શ્રોફ પર...

કે આ ઘટના પશ્ચિમ ઉપનગરના જુહુ પોલીસ સ્ટેશન હદ હેઠળ આવેલા પુષ્પા પાર્ક નજીક બની હતી અને આ ઘટના તરફ દોરી જતી ઘટનાઓની શૃંખલાને જોડવામાં આવી રહી છે. મળતી વિગતો પ્રમાણે બાઇક પર બેઠેલા ત્રણ શખ્સો ટાઇગર શ્રોફની કાર તરફ ધસી આવ્યા હતા અને તેમાંથી એકે ગોળીબાર કર્યો હતો. અધિકારીએ ઉમેર્યું, શ્રોફ સુરક્ષિત છે અને ગોળીબારની આ ઘટનામાં તેમને કોઈ ઈજા થઈ નથી. તેમના ડ્રાઈવર, જેની ઓળખ ફિરદોસ તરીકે થઈ છે, અને ઓટોરિક્ષાના અન્ય ડ્રાઈવર, જેની ઓળખ માત્ર ચૌહાણ તરીકે થઈ છે, તેઓ ગોળીબારમાં ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને તબીબી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે ફિરદોસના ડાબા હાથમાં ઈજા થઈ છે. ઉલ્લેખનીય છે કે ટાઇગર શ્રોફને સલમાન ખાન સાથેના ધંધાકીય સંબંધો તોડી નાખવા માટે બિશ્નોઇ ગેંગ તરફથી ધમકીઓ મળી રહી હતી, હાલમાં શ્રોફે સલમાન ખાન સાથે એક ફિલ્મ સાઇન કરી હતી. એક વાયરલ વિડિયોમાં એક અજાણ્યો વ્યક્તિ અભિનેતાની કાર પર ગોળીબાર કરતો જોવા મળ્યો હતો. અધિકારીએ વધુમાં જણાવ્યું કે આમાં સંડોવાયેલા લોકોને પકડવા માટે મોટા પાયે શોધખોળ શરૂ કરવામાં આવી છે અને વિશેષ ટીમો દ્વારા વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. ટાઈગરના પિતા અને અભિનેતા જેકી શ્રોફે પુષ્ટિ કરી છે કે તેમનો પુત્ર સુરક્ષિત છે અને પોલીસ સ્ટેશનમાં અધિકારીઓને મદદ કરી રહ્યા છે. ફોરેન્સિક ટીમે બેલેસ્ટિક પુરાવા એકત્ર કરવા, વાહનની તપાસ કરવા અને ગોળીબાર કરાયેલા રાઉન્ડની ચોક્કસ સંખ્યા નક્કી કરવા માટે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. આ ઘટનામાં સંડોવાયેલા હુમલાખોરોની ઓળખ અને કુલ સંખ્યા નક્કી કરવા માટે પોલીસ હાલમાં આસપાસના સ્થળોના સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કરી રહી છે. અધિકારીએ જણાવ્યું, "ઘટનાના ચોક્કસ ક્રમને જાણવા, ગોળીબારની આસપાસની પરિસ્થિતિઓ ચકાસવા અને તેમાં સંડોવાયેલા લોકોને પકડવા માટે જુહુ પોલીસે વિગતવાર તપાસ શરૂ કરી છે," અને ઉમેર્યું કે વધુ તપાસ ચાલુ છે.

ટાઇગર શ્રોફ બ્લેક...

મુખ્ય પ્રવાહની સિનેમા ઉપરાંત, તેઓ સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમમાં એક અગ્રણી વ્યક્તિ છે. સલમાન ખાન સાથે ટાઇગર શ્રોફ કોઇ ફિલ્મમાં વ્યાપક રીતે સાથે ચમક્યો નથી પરંતુ ધંધાના સંબંધો રહ્યા છે અને બિશ્નોઇ ગેંગ તરફથી સલામાન ખાન સાથે સંબંધો કાપી નાખવા ધમકીઓ મળતી હતી.

પાકિસ્તાને ભારતીય...

(પીસીએએ)ના 2022 ના દસ્તાવેજ મુજબ, પાકિસ્તાનનું એરસ્પેસ બે ફ્લાઇટ ઇન્ફોર્મેશન રીઝન (એફઆઈઆર) - કરાચી અને લાહોરમાં વિભાજિત છે. આ નવું નોટામ કરાચી અને લાહોર બંને એફઆઈઆરને લાગુ પડે છે. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં એપ્રિલ 2025ના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાને એકબીજાના વિમાનો પર પારસ્પરિક એરસ્પેસ પ્રતિબંધો લાદ્યા હતા.

કેનેડાના આલ્બર્ટા...

થયું નથી, પરંતુ ૧૮૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં આવેલા એડમોન્ટન શહેરની એક હોસ્પિટલના ડૉક્ટરે કેનેડાના રાષ્ટ્રીય પ્રસારણકર્તાને જણાવ્યું કે બેઝની આસપાસની સ્વાસ્થ્ય સુવિધાઓ દર્દીઓની સંખ્યાથી ભરાઇ થઈ ગઈ હોવાથી શહેરભરની હોસ્પિટલોમાં દર્દીઓને લાવવામાં આવી રહ્યા છે. સીબીસી ન્યૂઝ સાથે વાત કરતા રોયલ એલેક્ઝાન્ડ્રા હોસ્પિટલના ઇમરજન્સી ડિપાર્ટમેન્ટના ચિકિત્સક ડૉ. વારેન થિર્સ્કે જણાવ્યું, "આટલી મોટી સંખ્યામાં દર્દીઓ એડમોન્ટન શહેર માટે પણ સંભાળવા મુશ્કેલ બની જાય. આ અત્યારે અમારામાંથી કોઈ પણ ગણી શકે તેના કરતા પણ વધુ દર્દીઓ છે. આ એક આપત્તિ છે. દર ૧૫ થી ૨૫ વર્ષમાં એક વાર સર્જાતી આ એક આપત્તિ છે." બેઝની નજીક આવેલા વેનરાઈટ શહેરમાં આશરે ૭,૦૦૦ રહેવાસીઓ છે. ફાયર ફાઇટર્સે એક અસ્થિર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. દિવસ દરમિયાન પ્રાંતના મોટાભાગના વિસ્તારોમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનના તોફાને ત્રાટક્યું હતું.

દેશમાં ચાલુ...

અને વાર્ષિક ધોરણે ફરે છે. એક્સ (X) પર એક પોસ્ટમાં સુબ્રમણ્યને જણાવ્યું હતું કે, 'દાવોઃ 'પાકિસ્તાન 74 વર્ષ પછી વૈશ્વિક નાણાંના મુખ્ય મંચ પર પાછું ફરી રહ્યું છે!' વાસ્તવિકતાઃ પાકિસ્તાન 2027માં IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક પ્લેનરીનું અધ્યક્ષપદ સંભાળશે. આ અધ્યક્ષપદ સંપૂર્ણપણે ઔપચારિક છે અને વાર્ષિક ધોરણે બદલાય છેઃ આ વર્ષે પરાગ્વે, 2025માં કેપ વર્ડે. આ પ્રોટોકોલ છે, સત્તા નથી.'

પંજાબના સંગરૂરમાં...

મોત નીપજ્યાં હતાં. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સંગરૂરના ડેપ્યુટી કમિશનર પૂનમદીપ કૌરે જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં 8 શ્રમિકોનાં મોત થયાં છે, જ્યારે 12 લોકો ઈજાગ્રસ્ત થયા છે. પૂનમદીપ કૌરે જણાવ્યું કે જિલ્લા વહીવટીતંત્ર અકસ્માત પીડિતોને તબીબી સહાય પૂરી પાડવા સહિતના જરૂરી પગલાં લઈ રહ્યું છે. સ્થાનિક એમએલએ અને પંજાબના કેબિનેટ મંત્રી બરિન્દર કુમાર ગોયલે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. મંત્રીએ જણાવ્યું કે ઈજાગ્રસ્તોને તબીબી સારવાર આપવામાં આવી રહી છે અને પીડિતો માટે સરકાર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી હતી.

પાકિસ્તાને 200...

તાજેતરનો વિવાદ પાકિસ્તાનમાં ધાર્મિક લઘુમતીઓની સુરક્ષા અને અધિકારો અંગેની વ્યાપક ચિંતાઓ વચ્ચે સામે આવ્યો છે. ડેરા સિવિલ સોસાયટી અને સ્થાનિક વેપારી મંડળના પ્રમુખ સોહેલ આઝમીએ જણાવ્યું હતું કે, મજૂરો ઈમારતને તોડી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે તે જાણ્યા પછી તેઓ અન્ય રહેવાસીઓ સાથે મંદિરના સ્થળે દોડી ગયા હતા. સ્થળ પર હાજર એક વ્યક્તિએ દાવો કર્યો હતો કે, તેને તોડી પાડવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ નાગરિક સમાજના પ્રતિનિધિઓ અને હિંદુ સમુદાયના સભ્યોએ પ્રસ્તાવિત ડિમોલિશનનો વિરોધ કરવા અને મિલકતની માલિકી અને ત્યાં કોઈપણ વ્યાપારી બાંધકામની કાયદેસરતા અંગે તપાસ કરવાની માંગ કરવા માટે બેઠક યોજી હતી. તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં આ મુદ્દો ઉઠાવવા માટે પણ વિનંતી કરી હતી. આ મંદિર ડેરા ઈસ્માઈલ ખાનની લગભગ 400 ઈમારતોમાં સામેલ છે જેને ઈટીપીબી દ્વારા સાંસ્કૃતિક વારસાની મિલકતો તરીકે ઓળખવામાં આવી છે.

એચ-1બી...

સંસ્થાનવાદી વારસાની યાદ અપાવે છે.શનિવારે સીબીએસ ન્યૂઝ ટાઉનહોલ કાર્યક્રમમાં બોલતા, વાન્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો વિરોધ એ વીઝા વ્યવસ્થા સામે હતો જે એમ્પ્લોયર્સને વિદેશી કર્મચારીઓ પર વધુ પડતી સત્તા આપે છે, જેના કારણે કર્મચારીઓને તેમના મૂળ દેશમાં પરત મોકલી શકાય છે અને તેમની સાથે 'ગિરમિટિયા મજૂર' જેવો વ્યવહાર કરી શકાય છે. એક ભારતીય ઈમિગ્રન્ટ(જે પાંચ વર્ષ પહેલાં યુએસ નાગરિક બન્યા હતા અને જેમણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને વોટ આપ્યો હતો)ના પ્રશ્નના જવાબમાં વાન્સે કહ્યું, 'હું કહીશ કે, જે હદ સુધી મારી ભાષા અહીં ત્રુટિપૂર્ણ રહી છે, તે મારી જવાબદારી છે.' ઉપરાષ્ટ્રપ્રમુખે જણાવ્યું કે તેમની ટિપ્પણીઓ 'H-1B ધારકની ટીકા નથી.' તેમણે કહ્યું, 'આ એ વીઝા વ્યવસ્થાની ટીકા છે જે લોકોને અસરકારક રીતે ગિરમિટિયા મજૂર તરીકે ગણવાની મંજૂરી આપે છે, જેમને તેમના મૂળ દેશમાં પાછા મોકલી શકાય છે.' તેમણે વિદેશી વ્યાવસાયિકોનું સ્વાગત કરવા અને અમેરિકન કામદારોનું રક્ષણ કરવા વચ્ચે સંતુલન જાળવવાની હાકલ કરતી વખતે તેમના દક્ષિણ ભારતીય સાસુ-સસરાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે વાન્સના પત્ની, ઉષા વાન્સ, ભારતીય ઈમિગ્રન્ટ્સની પુત્રી છે.

દેશમાં ચાલુ...

સપ્લાય કરતા ઉત્પાદકો માટે વળતર ઘટવાની ધારણા છે, ભલે ખાંડ-આધારિત કાચા માલની બાકાતી અન્ય વૈકલ્પિક કાચા માલનું મહત્વ વધારે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતના મુખ્ય ખાંડ ઉત્પાદક રાજ્યોમાં નબળા વરસાદને કારણે ઓછું ઉત્પાદન થવાના જોખમને લીધે સ્થાનિક સ્તરે ખાંડની ઉપલબ્ધતા અને વધતા ભાવ અંગેની ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે.

તમામ નાશવંત...

હેન્ડલિંગ, સંગ્રહ અને પરિવહન" પર એક એડવાઈઝરી જારી કરી છે. તેણે ઉમેર્યું કે FBOsએ સ્વચ્છતા અને તાપમાનના ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું પડશે.

વિદ્યાસહાયક(ધો.૧ થી ૮) શિક્ષણસહાયક(ધો.૯ થી ૧૦) માટે દિવ્યાંગA-કેટેગરી ઉમેદવાર જોઇએ છે (બીજો પ્રયાસ)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થાશ્રી. ડાંગ યુવક સેવા સમિતી આહવા/અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા/ડાંગ સ્વારાજ આશ્રમ આહવા/શબરીમાતા સેવા સમિતિ શબરીધામ સંચાલિત નીચે દર્શાવ્યા મુજબની આશ્રમશાળા/અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળાઓમા દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત વિધાસહાયકો (૧ થી ૮) / શિક્ષણસહાયકો (ધો.૯ થી ૧૦)ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે અધિક કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારશ્રી આહવા જિ.ડાંગ દ્વારા તેઓના પત્ર ક્રમાંક ૧.(ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૪૭/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬૨.(ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૫૦/૨૦૨૬૩. (ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૫૭/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬૪.(ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૫૪/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬૫. (ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૪૯/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬ ૬. (ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૬૧/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬૭. (ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૫૧/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬ ૮. (ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૪૮/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬ થી "ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાતી માધ્યમના વિધા સહાયકો(ધો. ૧ થી ૮) / શિક્ષણ સહાયકો (ધો.૯ થી ૧૦)ની જગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છે.

ક્રમ	આશ્રમશાળાનું નામ	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યા
૧	અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળા ગોટીયામાળ	૯ થી ૧૦	શિક્ષણસહાયક	સામાજીક વિજ્ઞાન	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ -૧	૦૧/સંખ્યાધિક
૨	આશ્રમશાળા ગોટીયામાળ	૬ થી ૮	વિધાસહાયક	સામાજીક વિજ્ઞાન	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૨	૦૧/સંખ્યાધિક
૩	આશ્રમશાળા ચિકટીયા	૧ થી ૫	વિધાસહાયક	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૧	૦૧/સંખ્યાધિક
૪	આશ્રમશાળા લીંગા	૬ થી ૮	વિધાસહાયક	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૨	૦૧/સંખ્યાધિક
૫	આશ્રમશાળા વાહુટીયા	૬ થી ૮	વિધાસહાયક	સામાજીક વિજ્ઞાન	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૨	૦૧/સંખ્યાધિક
૬	માધ્યમિક આશ્રમશાળા શિવારીમાળ	૯ થી ૧૦	શિક્ષણસહાયક	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ -૧	૦૧/સંખ્યાધિક
૭	આશ્રમશાળા શિવારીમાળ	૬ થી ૮	વિધાસહાયક	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૨	૦૧/સંખ્યાધિક
૮	આશ્રમશાળા ચિચિંનાગાવઠા	૧ થી ૫	વિધાસહાયક	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૧	૦૧/સંખ્યાધિક
૯	આશ્રમશાળા ડુંગરડા	૧ થી ૫	વિધાસહાયક	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૧	૦૧/સંખ્યાધિક
૧૦	આશ્રમશાળા કાલિબેલ	૧ થી ૮	વિધાસહાયક	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૧	૦૧/સંખ્યાધિક
૧૧	આશ્રમશાળા સબરીધામ	૧ થી ૮	વિધાસહાયક	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ -૨	૦૧/સંખ્યાધિક
૧૨	આશ્રમશાળા સબરીધામ	૯ થી ૧૦	શિક્ષણસહાયક	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ -૧	૦૧/સંખ્યાધિક

શરતોઃ

01) **લાયકાતઃ** ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-1/2 /TAT-1 પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઇશે.

02) શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.

03) ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.

04) નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોનો પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.

05) ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત પરિશિષ્ટ-અ'ના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે. તથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઈ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઇ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ કરવામાં આવશે.

06) દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઈ લિંગ (સ્ત્રી/પુરુષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત (EWS)ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.

07) સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. (ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

08) જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે અવશ્ય જોડવાનું રહેશે.

09) અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઈલ નં. તથા ઈ-મેઈલ આઈ.ડી. અચૂકપણે દર્શાવવાનો રહેશે.

10) **અરજી કરવા માટેનું સરનામુંઃ.**
(ક્રમ નં. ૧ થી ૫) ૧. પ્રમુખ/મંત્રીશ્રી. ડાંગ યુવક સેવા સમિતી આહવા શ્રમદિપ વેરીયસ કોલોની આહવા ડાંગ પીન કોડઃ- ૩૯૪૭૧૦
(ક્રમ નં. ૬ થી ૯) ૨. પ્રમુખ/મંત્રીશ્રી. આશ્રમશાળા શિવારીમાળ મુ. શિવારીમાળ, પો.ચિખલી, તા.વઘઇ, જિ.ડાંગ. પીન કોડઃ- ૩૯૪૭૩૦
(ક્રમ નં. ૧૦) ૩. પ્રમુખ/મંત્રીશ્રી. ડાંગ સ્વરાજઆશ્રમશાળા તા.આહવા, જિ.ડાંગ.પીન કોડઃ- ૩૯૪૭૧૦
(ક્રમ નં. ૧૧ થી ૧૨) ૪. પ્રમુખ/મંત્રીશ્રી. સબરીમાતા સેવા સમિતિ મુ.સબરીધામ, તા.સુબિર, જિ.ડાંગ. પીન કોડઃ- ૩૯૪૭૧૬

11) ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય (રદ)ગણાશે. નિમણુંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

12) **ભરતી સમિતિઃ** ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે.ઈન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સબંધિત અધિક કલેક્ટર અને પ્રાયોજના વહિવટદારશ્રી/મદદનીશ કમિશનરશ્રી (તકેદારી) દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણૂંક આપવામાં આવશે.

13) નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

14) **પગારધોરણઃ** સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂ.૨૬,૦૦૦/- પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિમાસ ફિક્સ પગારથી નિમણૂંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગાર-ધોરણમાં સમાવવા વિચારણા લેવામાં આવશે. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષપહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.

15) **વયમર્યાદાઃ** અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ.વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.

16) નિમણૂંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા / ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઈ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.

17) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણ અને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.

18) ક્રમ (૧, ૨ અને ૧૦) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણૂંક કરવા માટે સબંધિત સંવર્ગમાં સિધી ભરતીના ફાળાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬ના પત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સબંધે જે સબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણૂંક આપતા પહેલા સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવશે. જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણૂંકને બહાલી મળ્યા બાદ જ જે-તે ઉમેદવારની નિમણૂંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજૂરીને આધિન રહેશે. (સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરી કરવાની થતી ભરતીના કિસ્સામાં સદર શરતનો ઉલ્લેખ કરવાનો રહેશે.)

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી તા. ૨૯/૧૦/૨૦૨૬ પહેલાં ઉક્ત સરનામે મળી જાય તે રીતે ફક્ત રજિસ્ટર્ડ એ.ડી. (RPAD)થી જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. અરજીના કવર પર લાલ પેનથી કઈ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે. ૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ અધિક કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારશ્રી, આહવા જિ.ડાંગ ને મોકલવાની રહશે.

તારીખ : ૧૯/૧૦/૨૦૨૬

પ્રમુખ/મંત્રી/સંચાલક
આશ્રમશાળા સંચાલક સંસ્થાઓ
જિ.ડાંગ

આપનું સપ્તાહ કેવું જશે? તા.૧૯/૧૦/૨૦૨૬ થી તા.૨૫/૧૦/૨૦૨૬ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825726442**
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ.લ.ઈ.) ચાલુ વીકમાં કરિયરમાં પ્રગતિની તક મળે. નવી જવાબદારીથી પદપ્રાપ્તિ થતાં પ્રભાવ વધશે. પોતાની ક્ષમતા બતાવવાની તક મળે. વ્યવસાય માટે નવી તક મળે. નવા ધંધા-વેપાર માટે વડીલોનો સાથ મળે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. નવું શીખવામાં વિદ્યાર્થીઓને મદદ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. કોર્ટ-કચેરીમાં કોઈની વાતોમાં આવવું નહીં. ખર્ચ પર કાબૂ રાખવો.

વૃષભ (બ.વ.ઉ.) ચાલુ વીકમાં સંબંધોમાં એકબીજાની ભાવનાને સમજવાથી મજબૂતાઈ આવે. બૌદ્ધિક લોકોને મળવાનું બને. ધાર્મિક પ્રવાસ જીવનસાથી અને મિત્રો સાથે થાય. વિદેશનાં કામ, ઉચ્ચ શિક્ષણ, કાયદા-કાનૂન, સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. વેપાર-ધંધામાં આવક વધે. તેમજ નવી ભાગીદારી કે વ્યવસાયની યોજનામાં મદદ મળે. પ્રેમમાં ધીરજ રાખવી. નવા રોકાણમાં ધીરજ રાખવી.

મિથુન (ક.છ.ઘ.) ચાલુ વીકમાં સરકારી કામ બાબતે ચોક્કસ રહેવું. વધુ પડતા વિશ્વાસમાં રહેવું નહીં. કોઈ પણ કામ પ્લાનિંગપૂર્વક કરવું. ધાર્મિક સાહિત્ય, પ્રવાસ તથા વીમા-એજન્સીને લગતાં કામ પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. વડીલોની સલાહ માનવી. વારસાના કામમાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ભાગ્યનો સાથ મળે.

કર્ક (ડ.હ.) ચાલુ વીકમાં તમારા નવા વિચારો, ટેક્નોલોજીનું જ્ઞાન અને મહેનતથી નવા પ્રોજેક્ટના રસ્તા ખૂલશે. રોજના વેપાર-ધંધામાં આવક વધશે. રોજિંદી પ્રવૃત્તિમાં ઉત્સાહ જોવા મળે. સામાજિક કામમાં યશ મળે. ભાગીદારીને લગતાં કામ પાર પડે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વડીલો તરફથી સરપ્રાઇઝ મળી શકે. ઉઘરાણી આવે. સરકારી કામમાં મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે.

સિંહ (મ.ટ.) કામકાજમાં દબાણ રહેશે, માટે વીક દરમિયાન ધીરજ અને પ્લાનિંગથી કામ કરવું. નાનો લાભ લેવાની લાલચમાં, ખાસ કરીને સરકારી નોકરીયાતે, આવવું નહીં. હિતશત્રુઓ રાહ જોઈને બેઠા છે. માતાના આરોગ્યના ખર્ચા સતાવે. ગુપ્ત ભયના કારણે અશાંતિ સજાય. રોજનાં કામની ચિંતા રહે. દાંપત્યમાં ગરબડ રહે. ખાવા-પીવામાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં મદદ મળશે.

કન્યા (પ.ઠ.ણ.) ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને નવું શીખવા મળે તથા પરીક્ષા કે હરીફાઈમાં સફળતા મળે. હોશિયાર વિદ્યાર્થીઓનું નવું જ્ઞાન ઉપયોગી બને. નવા મિત્રો તરફથી મદદ મળે. પ્રેમમાં સાથ મળે. શેર, સટ્ટા, લોટરીમાં મદદથી નવાં રોકાણ લાભદાયક રહે. જીવનસાથી સાથે સામાજિક કાર્ય થાય. સરકારી નોકરીમાં નવી તક મળે. શત્રુઓની પીછેહઠ થાય. સમાજજીવનમાં અનુકૂળતાથી શાંતિ મળે.

તુલા (ર.ત.) સપ્તાહ દરમિયાન ઘર-પરિવારના નાના સભ્યો તેમજ મિત્રો વગેરેને મદદરૂપ બનવાનો મોકો મળશે. આરોગ્ય બાબતે ચોક્કસ ધ્યાન રાખવું. અધૂરાં કામ પાર પડે. વાહન, મકાન, વારસો વગેરેના કામમાં વડીલોનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રેમજીવનમાં મીઠાશ અને વિશ્વાસ વધશે. વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજીનો લાભ મળે. નવા મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં ભાગ્યનો સાથ મળે. માતાની મદદ મળે.

વૃશ્ચિક (ન.ય.) સપ્તાહ દરમિયાન ઉત્સાહજનક પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે તેવાં કામમાં મિત્રો, ભાઈ-બહેનોની મદદ મળે. શિક્ષણ, સાહિત્ય, લેખન, પ્રવાસ, ટેક્નોલોજી અને દલાલીને લગતાં કામ પાર પડે. ધાર્મિક પ્રવાસ થાય. નવા ફેરફારથી નોકરીમાં પ્રભાવ વધશે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની યોજના પાર પડે. વડીલોની મદદથી સામાજિક કાર્ય પાર પડે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) સપ્તાહ દરમિયાન વાણી, વ્યવહારકુશળતા અને વહીવટી કુનેહનો અનુભવ કામ આવે. પારિવારિક પ્રશ્નો હલ થાય. આવક વધે. નવા પ્રોજેક્ટનો ભાગ બનવાનું થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય. કૌટુંબિક જીવનમાં ધાર્મિક વાતાવરણથી શાંતિ મળે. પારિવારિક ધંધામાં આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય. વાદવિવાદથી દૂર રહેવું. નવા ઘર બાબતે યોજના બને. નવા ફેરફારથી રાહત મળે.

મકર (ખ.જ.) સપ્તાહ દરમિયાન નવા ક્રિએટિવ વિચારોથી નવી તક મળે. સમાજમાં માન વધે. રોજનાં કામમાં આવક વધે તેમજ નવી તક મળે. નવા સામાજિક સંબંધો વિકસે. દાંપત્યજીવનમાં ઉત્સાહ રહે. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. પ્રવાસના ધંધામાં આવક વધશે. ઉઘરાણીની ચિંતા સતાવશે. શિક્ષણમાં પ્રગતિ થાય. દલાલીનાં કામમાં આવક વધે. મિત્રોની મદદ મળે.

કુંભ (ગ.સ.શ.ષ.) ચાલુ વીકમાં વાણી પર કાબૂ રાખવો અને સરકારી કામમાં સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવીને દસ્તાવેજી બાબતે સહી-સિક્કા કરવામાં ઉતાવળ કરવી નહીં. પોતાના કામમાં સતર્ક રહેવું. ઘરમાં ચાલતાં કામકાજ બાબતે સાવધાન રહેવું. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં નવી તક મળે. આરોગ્યની કાળજી અનિવાર્ય રહેશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમલગ્નની યોજનામાં વિઘ્નો આવે. આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય.

મીન (દ.ચ.ઝ.થ.) સપ્તાહ દરમિયાન વિજાતીય મિત્રો સાથે ગેરસમજ થઈ શકે છે. પ્રેમમાં વિશ્વાસ વધે, પણ તાલમેલ ઓછો થાય. ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધશે. નવા સંબંધોમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં ખાસ સાવધાની રાખવી. વિશ્વાસઘાત થઈ શકે છે. ગુપ્ત શત્રુઓ અને સંતાનોની સમસ્યાઓ સતાવશે. વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે.

C.J.P. પ્રણેતા અભિજીત દીપકેને દેશની જનતાનો સાથ કેમ મળે છે?

દેશની તમામ પ્રજા, અબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ વગેરેને અભિજીતમાં વિશ્વાસ છે. તેનું કારણ કુટુંબસ્થાનમાં સૂર્ય-બુધ-શુક્રનો નીચભંગ રાજયોગ છે

અભિજીત દીપકેની પ્રાપ્ત કુંડળી સિંહ લગ્નની, મઘા નક્ષત્રના ચોથા ચરણમાં, ગંડાંતયુક્ત લગ્નમાં છે, જે જ્યોતિષના નિયમ પ્રમાણે કોઈ અદ્ભુત કાર્ય કરવા અને પોતાનાં કર્મોનું સાર્થક્ય, સંઘર્ષ અને ન્યાયની લડાઈ માટે લડવા માટે જન્મ્યા હોવાનો સંકેત આપે છે. સામાન્ય રીતે ગંડાંત દોષમાં જન્મનારનાં પૂર્વનાં ચોક્કસ કર્મો હોય છે, જે કાં તો તેમને સામાન્ય માણસ બનાવીને ગુમરાહ જીવન જીવવા મજબૂર કરે છે, અથવા પછી પોતાનાં કામ, વિચારો, લડાઈ, સંઘર્ષ અને જનહિતની વાતોથી જાહેર જીવનમાં ચમકવા માંડે છે અને કરોડો લોકોના વિશ્વાસનું કારણ બને છે.

તેમની સિંહ લગ્નની કુંડળીમાં બીજા કુટુંબસ્થાનમાં કન્યા રાશિમાં લગ્નેશ સૂર્ય, કર્મેશ શુક્ર અને લાભેશ બુધનો અદ્ભુત આકર્ષણયોગ થાય છે. બીજો ભાવ રાષ્ટ્રીય કુટુંબ અને લોકસુમેળની ભાવનાને પ્રબળ કરનાર બને છે. આ ત્રણ ગ્રહોની યુતિ વિવિધ કોમો, જાતિઓ અને ધર્મો વચ્ચેની એકસૂત્રતાને મજબૂત કરે છે. દેશની તમામ પ્રજા, અબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ વગેરેને અભિજીતમાં વિશ્વાસ છે. તેનું કારણ કુટુંબસ્થાનમાં સૂર્ય-બુધ-શુક્રનો નીચભંગ રાજયોગ છે.

સામાન્ય રીતે સૂર્ય-બુધની યુતિમાં બુધનું સ્વતંત્ર ફળ ત્યારે જ મળે છે, જ્યારે સૂર્ય કરતાં બુધના અંશ વધારે હોય અને બુધ સૂર્યથી આગળ હોય. માટે જ જૂન 2010થી જૂન 2027 સુધીની બુધની મહાદશામાં સાતમે રાશિયોગ કરતાં અને ન્યાયના દેવ તથા આમજનતાનું પ્રતિનિધિત્વ કરતા શનિની અંતર્દશા, જે 15-06-2027 સુધીની છે, તેમાં 23-04-2026થી 14-07-2026 સુધી ગજકેસરીયોગ કરતાં ચંદ્રની અંતર્દશામાં અચાનક લાઇવ કે જાહેર જીવનમાં ચમકવાનું બન્યું છે.

તેમની કુંડળીમાં જનતાના હૃદય સમાન ચોથા સ્થાનમાં ગુરુ-ચંદ્રનો ગજકેસરીયોગ છે, જે બંને શનિના અનુરાધા નક્ષત્રમાં કરે છે. આ એક અદ્ભુત શુભ યોગ છે, જે નેતૃત્વ અને સાહસનું સંયોજન સમાન શક્તિ આપે છે. આવા જાતકોમાં જન્મજાત નેતૃત્વશક્તિ હોય છે અને તેઓ જનસમુદાયના વિશ્વાસના પ્રતીક સમાન ઊભરી આવે છે. આ યોગ જાહેર જીવનમાં લોકપ્રિયતાના શિખર પર લઈ જાય છે.

જ્યોતિષના નિયમ પ્રમાણે પ્રથમ, ચોથા, સાતમા અને દસમા ભાવમાં આ યોગનું અતિશુભ ફળ મળે છે. અભિજીત દીપકેની કુંડળીમાં ગજકેસરીયોગ ચોથા ભાવમાં થાય છે. ચોથું સ્થાન ચારિત્ર્ય અને મનમાં રહેલા વિચારોનું છે. **જો કોઈ વ્યક્તિની કુંડળીમાં આ યોગ શુભ બને, તો લોકોના મનમાં તેવી વ્યક્તિ માટે આદર અને સન્માન પેદા થાય છે. આવા જાતકો લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરે છે અને લોકોને તેમના પર આંધળો વિશ્વાસ પેદા થાય છે.**

ઘણા કિસ્સામાં લોકોને મૂર્ખ બનાવીને લૂંટતા કે વિશ્વાસઘાત કરતા લોકોની કુંડળીમાં પણ આ યોગ જોવા મળે છે. જો તે અશુભ બને અને છઠ્ઠા, આઠમા કે બારમા ભાવમાં હોય, તો ઘણા લોકોના વિશ્વાસ સાથે ખેલવાડ કરતા લોકો પણ જોવા મળ્યા છે.

જોકે, અભિજીતની કુંડળીમાં શુભ સ્થાનમાં, શનિના નક્ષત્રમાં અને શનિની દૃષ્ટિમાં આ યોગ થાય છે. શનિ ગુરુના નક્ષત્રમાં છે. આ અતિશુભ કહેવાય, કારણ કે ગુરુ-શનિ-ચંદ્રનો નક્ષત્ર પરિવર્તનયોગ થાય છે. માટે તેઓ બને ત્યાં સુધી લોકોની ભાવના સાથે ખેલવાડ કરવાની ભૂલ નહીં કરે.

ગજકેસરીયોગ જાતકને આશાવાદી, ભાવનાત્મક રીતે સ્થિર અને અપાર માનસિક શક્તિ આપે છે. હાથી અને સિંહની જેમ ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં આવા લોકો વિચલિત થતા નથી. વિપરીત સ્થિતિમાંથી સહીસલામત બહાર નીકળવાની તેમનામાં કુદરતી શક્તિ હોય છે અને મોટા ભાગે આવા જાતકોને કોઈ ને કોઈ દેવીની કૃપા પ્રાપ્ત થતી રહે છે.

ગુરુની બારમા ભાવ પર ઉચ્ચ દૃષ્ટિ છે અને ચંદ્ર બારમા ભાવનો માલિક થઈને ચોથા ભાવમાં છે. ગુરુ પાંચમા અને આઠમા ભાવનો પણ માલિક છે. મોટા ભાગે આવા જાતકો માટે દૈવી કૃપા અથવા અચાનક ચમત્કારની વાત સહજ હોય છે. કોઈ ઈશ્વરીય શક્તિનો સાથ તેમને અવશ્ય હોય છે. આ જ્યોતિષનો નિયમ છે.

માટે જ એક સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતા એક સામાન્ય યુવાનની પડખે અચાનક ભારત જેવા વિવિધ જાતિ, ધર્મ અને ભેદભાવમાં રાચતી રાજનીતિથી કલુષિત થયેલી જનતા તમામ ભેદભાવના વાડા તોડીને ઊભી રહી ગઈ છે. **C.J.P.ના આંદોલનમાં ધર્મ-જાતિ વગેરેનું વાતાવરણ જોવા મળતું નથી. આ એક ચમત્કાર છે.**

અભિજીત દીપકેની કુંડળીમાં એક અદ્ભુત અને ખૂબ જ ઓછા લોકોની કુંડળીમાં જોવા મળતો યોગ એટલે ત્રીજા સ્થાનમાં તુલા રાશિમાં થતો મંગળ-રાહુનો અંગારકયોગ છે. જ્યોતિષના નિયમ પ્રમાણે આવા યોગવાળા જાતકોની દેવો પણ ઈર્ષ્યા કરતા હોય છે. મંગળ-રાહુના યોગને જેટલો અશુભ માનવામાં આવે છે, એટલો જ તે શુભ પણ બને છે.

મહાત્મા ગાંધીની કુંડળીમાં તુલાનો મંગળ કર્મસ્થાનમાં રહેલા રાહુ સાથે કેન્દ્રયોગ કરતો હતો. ડૉ. આંબેડકરની કુંડળીમાં વૃષભમાં મંગળ-રાહુનો યોગ હતો. કાંશીરામની કુંડળીમાં મીન રાશિમાં મંગળ-રાહુનો યોગ હતો. માયાવતીની કુંડળીમાં વૃશ્ચિક રાશિમાં મંગળ-રાહુનો યોગ છે. ઇન્દિરા ગાંધીની કુંડળીમાં રાહુનો કેન્દ્રયોગ હતો.

આ યોગવાળા જાતકો ક્રોધી, આક્રમક અને લડાયક હોય છે, એટલા જ શાંત, સમતોલ, સ્વસ્થ અને વિચારશીલ પણ હોય છે. તેઓ વ્યવસ્થિત રીતે વિચાર કરનાર, શાણા અને ડાહ્યા હોય છે. માટે આવા જાતકોની દેવો-દેવતાઓ પણ ઈર્ષ્યા કરે છે. આવા જાતકોને ચમત્કારિક મદદ મળતી રહે છે.

નિયમ પ્રમાણે ભાગ્યમાં કેતુ અને આઠમા ભાવ સાથે સંબંધ ધરાવતા શુક્રવાળાને દેવીકૃપાના આશીર્વાદ મળતા રહે છે. અભિજીત દીપકેની કુંડળીમાં આ યોગ છે. માટે ભારતની દરેક ધર્મની પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત થયો છે. **શુક્ર, બુધ અને ચંદ્રના કારણે દેશની કરોડરજ્જુ સમાન સ્ત્રીવર્ગનો સૌથી મહત્ત્વનો સાથ તેમને મળ્યો છે અને મળતો રહેશે.**

હાલ દેશમાં પરિવર્તન અને ક્રાંતિનો સમય ચાલી રહ્યો છે. આવા મહત્ત્વના સમયમાં આ યુવાન ઊભરી આવ્યો છે, તે એક ચમત્કાર છે. નફરતની રાજનીતિ પર પાણી ફેરવીને જનતામાં નવી ક્રાંતિ જગાડનાર અભિજીતનું ભવિષ્ય ઉજ્જવળ છે, સાથે ભયંકર યાતના અને ત્રાસનું પણ છે. જેલમાં જવાના યોગ પણ થાય છે.

તેમની કુંડળીમાં જનતાના હૃદય સમાન ચોથા સ્થાનમાં ગુરુ-ચંદ્રનો ગજકેસરીયોગ છે, જે બંને શનિના અનુરાધા નક્ષત્રમાં કરે છે. આ એક અદ્ભુત શુભ યોગ છે, જે નેતૃત્વ અને સાહસનું સંયોજન સમાન શક્તિ આપે છે

જાહેર નોટીસ

ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા ચોર્યાસીના મોજે ગામ ડુભાલના રે.સર્વે નંબર : ૬૯/૨ પૈકી તથા ૪ જેનો બ્લોક નંબર : ૯૨ તથા ૯૦, ટી.પી.સ્કીમ નંબર : ૩૩ (ડુંભાલ) નાં ફાયનલ પ્લોટ નંબર : ૪૬ થી નોંધાયેલી એન.એ. થયેલી જમીનમાં આવેલ : **નેમીનાથનગર સોસાયટી** : માં આવેલ રહેઠાણના હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૬૯** થી નોંધાયેલ જમીન તથા તેની ઉપર આવેલ સંપુર્ણ બાંધકામ સહિતની મિલકતના માલિક, મુખત્યાર, કબજેદાર **(૧) મુદ્રિકાબેન જેઠાલાલ પટેલ તથા (૨) જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલ** ચાલી આવેલા, તેઓ પૈકી **જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલ** તા.૨૬/૦૬/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ હોવાનું જણાવી, અને તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો **(૧) હેમાબેન જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની વિધવા (૨) જિમ્મી તે જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની પુત્રી અને નિમીષકુમાર ગાંધીની પત્નિ (૩) મેઘના તે જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની પુત્રી તે અંકિત ગાંધીની પત્નિ (૪) દેવાંગ જીતેન્દ્રકુમાર પટેલ** ચાલી આવેલ હોવાનુ જણાવી, સદરહુ મીલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી **(૧) મુદ્રિકાબેન જેઠાલાલ પટેલ (૨) હેમાબેન જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની વિધવા (૩) જિમ્મી તે જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની પુત્રી અને નિમીષકુમાર ગાંધીની પત્નિ (૪) મેઘના તે જીતેન્દ્રકુમાર જેઠાલાલ પટેલની પુત્રી તે અંકિત ગાંધીની પત્નિ (૫) દેવાંગ જીતેન્દ્રકુમાર પટેલનાઓએ** સદરહુ મિલકત મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને મીલકતની વેચાણ અવેજની નક્કી કરેલ રકમ પૈકી બાનાની રકમ મારા અસીલે ચુકવી આપેલ છે. આથી ઉપરોક્ત મીલ્કત બાબતે કોઇ પણ શખ્સ, સંસ્થા, બેંક કે અન્ય કોઇના કોઇ પણ પ્રકારના હકક, હિસ્સા, હિત, સંબધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત હોય તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇ પ્રકારે હકક, હિસ્સો, હિત, સંબધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર મીલ્કતનો બાકીનો વેચાણ અવેજ ચુકવી મારા અસીલ ઉપરોક્ત માલીક પાસેથી સદર મીલકતનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇ પણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સુરત, તાઃ૧૯-૧૦-૨૦૨૬

ઓફિસ : નં. ૨૩૫, બીજો માળ, સ્કવેર વન કોમ્પલેક્ષ, સેન્ટોસા બ્રીજની પાસે, અલથાણ કેનાલ રોડ, સુરત. મો. ૯૮૨૫૯ ૬૪૯૫૧, ૦૨૬૧-૩૧૦૦૬૦૪

જયેશ સી. બાગડાવાળા
એડવોકેટ એન્ડ નોટરી
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ તથા ટાઈટલ અભિપ્રાય અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનનાં સ્વતંત્ર માલીક મુખત્યાર અને કબજેદાર પ્રવિણચંદ્ર શંકરલાલ રાવળ ચાલી આવેલી હોવાનું જણાવે છે તેઓને સદરહુ જમીન તા. ૧૦.૧૦.૨૦૨૪ ના રોજ બીનખેતી બહુહેતુક ઉપયોગ માટે રૂપાંતર કરાવેલ છે અને તેવું જણાવી મજકુરનાએ નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે સદરહુ જમીનનો હમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે. અને તેઓએ હમો કનેથી ટાઈટલ કલીયરન્સની માંગણી કરેલ છે. પરંતુ સદરહુ જમીનના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજ તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. સદરહુ જમીન બાબતે કોઇનો પણ કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ દર દાવો કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં હમોને લેખીતમાં પુરાવા સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદત વિત્યેથી કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિસ્સો નથી અથવા છોડી દીધો છે તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત ચાલશે નહી તેની આથી જાહેર નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત

(૧) અસલ વેચાણ દસ્તાવેજ નં.૯૯૬૨ તા.૧૬.૧૦.૧૯૮૧ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.

જમીનની વિગત

સુરત ડિસ્ટ્રિકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ મોજે ગામ લાજપોરના રે.સ.નં.૪૧/૨, જેનો બ્લોક નં.૫૧, જેનું ક્ષેત્રફળ ૬૨૭૩ ચો.મી. છે, જેને સીટી સર્વે દફતરે વોર્ડ : લાજપોર(બીનખેતી), સીટી સર્વે નં.NA૫૧ આપવામાં આવેલ છે. જે બીનખેતીની જમીનનું ક્ષેત્રફળ ૬૨૭૩ ચો.મી. છે. તે જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામે તમામ હકક,હિત, હિસ્સા સહીત કુલ્લે દરોબસ્ત.

શિવ અજય મહેતા - અજય રૂમેન્દ્રભાઈ મહેતા
તે ખરીદનારના એડવોકેટ્સ
૫-૬, સિધ્ધી સમર્થ પાર્ક, ભુલકા ભવન સ્કુલ પાસે, અડાજણ, સુરત.

-: જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો ઓલપાડનાં, મોજે ગામ **મોરથાણ**નાં ખાતા નં. ૫૫૫, રે.સર્વે નં. ૫, ૮, **બ્લોક નં. ૯/બ** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે.૧-૬૬-૪૬ ચો.મી.** જેનો આકાર રૂા.૨૯.૯૯ પૈસા વાળી ખેતીની જમીનના મુળ ખેડુત/માલિકો/કબજેદારો તરીકે **(૧) રમેશભાઈ ગોવિંદજી વશી, (૨) હિનાબેન રમેશભાઈ વશી, (૩) કેયુરકુમાર રમેશચંદ્ર વશી** ચાલી આવેલ. મજકુર જમીન તેમના પ્રત્યક્ષ માલિકી કબજા, સ્વતંત્ર વહીવટ, વ્યવસ્થા હેઠળની હોવાનું તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, કરાર, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭, માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હકક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી, અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના દસ્તાવેજો/લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

૬૦૨, છઠ્ઠો માળ, આર્મીડા, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો. નં. ૯૮૭૯૫ ૦૦૮૫૬.

સુમીત કે. માંગુકીયા
એડવોકેટ
(અમારા અસીલની સુચના અને ફરમાઈશથી)

-:: જાહેર ચેતવણી ::-

અમો નીચે સહી કરનારાઓ **(૧) જયંતિલાલ કાંતિભાઈ પટેલ તથા (૨) દિપાબેન જયંતિભાઈ પટેલ** આથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામને જણાવવાનું કે ઉપરોક્ત ફોટામાં દર્શાવેલ **અમારા દિકરા નામે અવિનાશ જયંતિલાલ પટેલ** હમારા કહયામાં નથી. જેઓ સ્વચ્છંદી જીવન જીવે છે. તેઓની સાથે કોઇએ પણ કોઇપણ જાતનો સામાજિક કે નાણાંકીય વ્યવહાર કરવા કે કરાવવા નહીં અને જે કરશે તેની સઘળી જવાબદારી તેમની રહેશે. તેમજ અમારી માલ-મિલકતમાં તેઓને બેદખલ કર્યા છે.

તા. ૧૯/૧૦/૨૦૨૬

મારી મારફત : **રઘુભાઈ ડી. વળવી**
તે જયંતિલાલ કાંતિભાઈ પટેલ તથા દિપાબેન જયંતિલાલ પટેલના એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : બી/૧૦૨, ઘનપાલ ફ્લેટ્સ, સુઘન કોમ્પ્લેક્ષની સામે, ભટારરોડ, સુરત.